304001834

(ખાખી/કાળા રંગનું સ્ટીકર અહીં ચોંટાડવું)

CSM-3

Answer Book
જવાબવહી

GPSC - 2019

Medium of Answer
(Choose any one)

| Gujarati | English |
|---|---|
| ✓ | |

2018-19

વિષય : Essay (CSM-3)

પરીક્ષાની તારીખ : 24/02/2019

Marks : 150 Duration : 3 Hours

| Q. No. | Total Marks | Obtained Marks |
|---|---|---|
| Q.1/2/3 | 50 | 28 |
| Q.4/5/6 | 50 | 19 |
| Q.7/8/9 | 50 | 25 |
| Total Obt. Marks in Figures | 150 | 72 |
| Total Obt. Marks in Words | | Seventy Two |

ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં

GPSC-2019

304001834

પરીક્ષકનું નામ, સહી અને તારીખ / Examiner's Name and Signature

## સૂચનાઓ

(૧) ઉમેદવારના પ્રવેશપત્ર પરનો બેઠક નંબર, ટિકીટ નંબર, વિષય કોડ તથા બારકોડ સ્ટીકર પરનો ટિકિટ નંબર, બેઠક નંબર તથા વિષય કોડ એક જ છે તે ચકાસીને ઉપર બતાવેલ બોક્સમાં બારકોડ સ્ટીકર ચોંટાડવું. ત્યારબાદ નિરીક્ષકની સૂચના પ્રમાણે ખાખી/કાળા રંગનું સ્ટીકર તેના ઉપર ચોંટાડવું.

(૨) ઉમેદવારે નિયત જગ્યા સિવાય જવાબવહીના કોઈપણ ભાગમાં ટિકિટ નંબર, બેઠક નંબર કે તખલ્લુસ દર્શાવવા નહિ કે કોઈ પણ પ્રકારની નિશાની કરવી નહિ.

(૩) ઉમેદવાર વાદળી કે કાળી શાહીની બોલપેનથી ઉત્તરો લખી શકશે. પરંતુ તે સિવાયની કોઈ પણ રંગની શાહી, બોલપેન કે સ્કેચ પેનનો ઉપયોગ કરી શકશે નહિ.

(૪) ઉમેદવારે જવાબવહી નિરીક્ષકને સોંપતા પહેલાં ખાતરી કરી લેવી કે તેના ઉપર નિરીક્ષકની સહી થયેલ છે. નિરીક્ષકની સહી વગરની જવાબવહી તપાસવામાં આવશે નહિ.

(૫) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યામાં જ જવાબ લખવાના રહેશે.

(૬) ઉમેદવારે જે તે પ્રશ્ન માટે રાખવામાં આવેલ નિયત જગ્યા સિવાય અન્ય જગ્યાએ ઉત્તરો લખેલ હશે તો તે તપાસવામાં આવશે નહિ તથા શૂન્ય ગુણ આપવામાં આવશે.

(૭) જે તે પ્રશ્નમાં માંગેલ જવાબોની સંખ્યા મુજબ પ્રથમ લખેલ જવાબો મૂલ્યાંકન અને ગુણપ્રદાન માટે ધ્યાને લેવાશે અને તે સિવાયના જવાબો માટે શૂન્ય ગુણ ગણવાના રહેશે.

(૮) જવાબ લખવા માટે અલગથી કોઈ પ્રકારની જવાબવહી/પુરવણી આપવામાં આવશે નહિ.

(૯) ઉમેદવારે જે પ્રશ્નનો ઉત્તર ના લખેલ હોય અથવા જ્યાં ખાલી જગ્યા રહેલ હોય ત્યાં ત્રાંસી લીટી કરવાની રહેશે.

(૧૦) ઉપર્યુક્ત સૂચનાઓનો ભંગ કરનારને આયોગ યોગ્ય શિક્ષા કરી શકશે.

(૧૧) બેઠક નંબર લખવામાં ઉમેદવાર ભૂલ કરશે તો તે પછી કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૨) આ પ્રશ્નપત્રમાં જવાબના માધ્યમ માટે વિકલ્પ ઉપલબ્ધ છે, ઉમેદવારે ઉપલબ્ધ માધ્યમ પૈકી કોઈ એક માધ્યમની પસંદગી અવશ્ય દર્શાવવાની રહેશે (✓) અને ઉમેદવારે તે જ માધ્યમમાં જવાબ આપવાના રહેશે અન્યથા જવાબવહી તપાસવામાં આવશે નહીં.

Scanned by CamScanner

આ પ્રશ્નપત્રમાં ત્રણ વિભાગ છે. પ્રત્યેક વિભાગમાંથી એક એમ ત્રણ નિબંધ, દરેક આશરે 800 શબ્દમર્યાદામાં લખવાના રહેશે.

This question paper has three sections. Attempt three essays, one from each of the three sections, in about 800 words each.

## વિભાગ-1

## SECTION - 1

પ્ર.1. ભારતીય અમલદારી વિશે પ્રજાનો અનુભવ અને ખ્યાલ નિરાશાજનક છે. સ્વતંત્રતા પછીના વહીવટી સુધારાઓના ઇતિહાસના ખાસ સંદર્ભે ભારતીય અમલદારશાહીની મુખ્ય ખામીઓનું વિશ્લેષણ કરો અને તે પ્રજા પ્રત્યે પ્રતિભાવશીલ અને જવાબદાર બને તે માટે અમલી થઈ શકે તેવાં પગલાઓ સૂચવો.

Q.1. Public's experience and perception about Indian bureaucracy is disappointing. Analyze, with special reference to the history of administrative reforms post-independence, the major shortcoming in Indian bureaucracy and recommend implementable measures to make it responsive and accountable to the public.

પ્ર.2. સોશિયલ મીડિયા દ્વારા વિદેશી દખલગીરી આપણી લોકશાહી ચૂંટણી પ્રક્રિયા માટે ભયજનક છે. ભારતના પ્રવર્તમાન લોકશાહી શાસનના ઢાંચાને સુદૃઢ બનાવવા સારૂ તમે ઇચ્છતા, સમગ્રલક્ષી 'ચૂંટણી સુધારાઓ'ની ટૂંકમાં ચર્ચા કરો.

Q.2. Foreign interference through social media pose dangerous threat to our democratic electoral process. Discuss briefly the comprehensive 'Electoral Reforms' which you would like to bring in to strengthen the present democratic setup of governance in India.

Scanned by CamScanner

પ્ર.3. વિજ્ઞાન અને તકનીકની પ્રગતિ સાથે, આપણે વિકાસના ચક્રીય મોડલને રેખીય બનાવી દીધું છે અને આજે આપણે સૌથી ખરાબ પરિસ્થિતિવિષયક (ecological) સંકટનો સામનો કરી રહ્યાં છીએ. ટિપ્પણી કરો તેમજ તેનો ઉકેલ સૂચવો.

Q.3. With the advancements in Science and Technology, we have linearized the circular model of development and today we are facing the worst ecological crisis. Comment and suggest the way forward.

ઉત્તર : 2 સોશિયલ મીડિયા દ્વારા......

"સંચાર ક્રાંતિને કારણે વિશ્વ એક ગામડું બની ગયું છે"

જેમ સ્થાનીય સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં સ્થાનીક લોકોજ હસ્તક્ષેપ કરે અને લોકશાહીના આદર્શ ઢાંચાને પ્રભાવિત કરે તેમ. આજે સોશિયલ મીડિયા ભારતીય ચૂંટણી પ્રક્રિયાને પ્રભાવિત કરે છે. તાજેતરમાં 'કેમ્બ્રિજ એનાલિટીકા' કંપની દ્વારા બિગડેટા એનાલિસિસનો ઉપયોગ કરી અમેરિકાની ચૂંટણીમાં બિનજરૂરી હસ્તક્ષેપ અને મનોવૃતિ બદલાવ કર્યો. આવા સમયે ભારતની ચૂંટણી પ્રણાલી અને લોકશાહીના મૂલ્યો

ઉપર પણ આક્ષેપો લાગ્યા. શું ~~આવા~~ આક્ષેપો વાજબી છે ? શું ખરેખર ભારતની ચૂંટણી વ્યવસ્થા સુધારાની માંગ કરે છે ? તે સુધારા આપણી લોકશાહીને આદર્શમૂલક કેવી રીતે બનાવશે ? આવા પ્રશ્નો જટીલ વિશ્લેષણ માંગી લે તેવા છે.

હા...! 'જેમ પરિવર્તનએ સંસારનો નિયમ છે', તેમ બદલાતી સામાજિક અને ટેકનોલોજીકલ પરિસ્થિતિને આધારે સુધારા જરૂરી છે. પરંતુ આવા સુધારા કેવી રીતે કરવા તે સમજવા માટે ચૂંટણીનુ માળખુ અને તેની ઉત્ક્રાંતિ વિશે સિંહાવલોકન જરૂરી છે.

ભારતમાં બંધારણ સર્વોચ્ચ છે. બંધારણમાં સમાજવાદી લોકશાહીની સ્થાપનાની પરિકલ્પના કરવામાં આવી છે. આ માટે "લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા" શાસન

ચલાવવા સંસદીય પ્રણાલી સ્વીકારી. પ્રતિબદ્ધિ-
ઓને ચૂંટ્યા બંધારણના અનુચ્છેદ 324
મુજબ 'નિષ્પક્ષ ચૂંટણીપંચનું' ગઠન કરવાની
જોગવાઈ છે. જે સમગ્ર દેશમાં લોકસભા,
રાજ્યસભા, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્ય-
વિધાનસભાની ચૂંટણી કરાવવા જવાબદાર રહેશે.
આમ, ચૂંટણીની નિષ્પક્ષ, મુક્ત અને સ્વતંત્ર
પ્રક્રિયા લોકશાહીને આદર્શ બનાવે છે. પણ
તેમાં ઘણી ખામીઓ રહેલી છે.

ચૂંટણી પ્રક્રિયામાં માત્ર 'ચૂંટણીપંચ'
જ નહી પણ લોકપ્રતિનિધિઓ, પોલીસ પ્રણાલી,
લોકો, સુરક્ષા દળો પણ સંકળાયેલા છે. આ
બધામાં સમગ્રલક્ષી સુધારાઓ સમયની માંગ
છે. આ સર્વે હિતધારકોમાં સુધારા થકી
ભારતની લોકશાહીને સુદૃઢ બનાવી શકાય છે.
કેવી રીતે ? ચાલો વિશ્લેષણ કરીએ...

Scanned by CamScanner

ચૂંટણીપંચ દેશની ઘણી બધી ચૂંટણી ઓ માટે (આગળ જણાવ્યા મુજબ) જવાબદાર છે. તેથી તેનું માળખુ, કાર્યપ્રણાલી, કર્મચારીઓ મુક્ત અને પારદર્શી રહે તે જરૂરી છે. આ માટે ચૂંટણીપંચની સ્વાયત્તતા વિસ્તૃત કરવી જોઈએ. જેથી પોતાના કર્મચારીઓની નિમણૂંક, નિયમન CAG (કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ)ની જેમ સ્વયં કરી શકે. ચૂંટણીપંચના અધ્યક્ષની નિમણૂંક મુક્ત, પારદર્શી રીતે થવી જોઈએ તેના માટે ન્યાયપાલિકાની ભૂમિકા સ્પષ્ટ કરી શકાય. કેમ કે,

"Without Great Leader,
The Institution Can Not Become
The Great"

આ ઉપરાંત પૂરતા સંસાધનો, નાણા, નિર્ણયક્ષમતા, આચારસંહિતા સાથે નૈતિકસંહિતા ઉપર ચૂંટણીપંચના સુધારાઓ લોકશાહીને સુદ્દઢ બનાવશે. ચૂંટણીપંચ સિવાય લોકપ્રતિનિધિઓમાં સુધારા અતિઆવશ્યક છે.

ભારતીય સંસદીય પ્રણાલીમાં સૂચનોમાં કાળા નાણાનો ઉપયોગ, અપરાધીઓનું રાજનીતિકરણ, લોબિંગ, લોકોનું ધર્મ, જાતિને આધારે વિભાજન જેવી સમસ્યાઓ છે. આ માટે રાજનીતિક પક્ષોને નૈતિક સંહિતાના દાયરામાં લાવવા. લોકપ્રતિનિધિધારામાં યોગ્ય સુધારા કરી કડક અમલીકરણ કરવું, રાજકીય પક્ષોને માહિતી અધિકારના કાયદા હેઠળ લાવવા, રાજકીય ભંડોળ માટે ઇલેક્ટ્રોલ બોન્ડ અને પારદર્શી પ્રણાલી વાપરવી. માનનીય સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને સમયબદ્ધ રીતે અપનાવીને 12 વિશેષકોર્ટ દ્વારા અપરાધીનું રાજનીતિકરણ રોકી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને મુક્ત અને પારદર્શી બનાવી શકાય. કેમ કે ચાણક્યએ કહ્યું છે ને...

> "પ્રણાલી ગમે તેવી હોય જો તેના વાહક પ્રામાણિક નહી હોય તો તે નિષ્ફળ જશે."

આ ઉપરાંત પ્રતિનિધિઓને સંપતિ અને આવકને જનપ્રતિનિધિત્વ અધિનિયમ મુજબ

જાહેર કરવી જેથી લોકોના કર અને દેશની સંપત્તિનો ચૂંટણીમાં ઉપયોગ અટકાવી શકાય.

લોકપ્રતિનિધિઓને ચૂંટે છે કોણ? લોકો ! પણ શું લોકોમાં જાગૃતિ છે ? નહી લોકોમાં જાગૃતિ કેમ નથી ? કેમ કે આઝાદી સમયે ભારતમાં 12% લોકો જ સાક્ષર હતાં અને આજે વધી ને 74% થયાં પણ મોટા ભાગના હજુયે પોતાની જીવનશૈલી, કુટુંબની જરૂરિયાતોમાં પડ્યાં છે. લોકશાહીના પાયામાં અને લોકશાહીના અંતિમ પરિણામ એવા લોકોને ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ જગાવવા, ખોટા ન્યૂઝ થી રોષે ના ભરાવવા, સામાજિક મીડિયા થકી ધ્રુવીકરણ ના થાય તે માટે જાગૃતિ અભિયાનો કરવા જોઈએ. " Know your leader " જેવા કાર્યક્રમો થકી પોતાના પ્રતિનિધિ વિશે સંપૂર્ણ માહિતી હોવી જોઈએ. ઉચિત ઉમેદવાર ના અભાવે NOTA નો પ્રયોગ કરવો અને સમગ્ર પણ ચૂંટણીમાં સુધાર થકી લોકશાહીમાં સુધારો કરી શકાય.

સુરક્ષાદળના કર્મચારીઓ EVM કે VVPAT ( ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વોટરવેરિફાઇડ પેપર ઓડિટ ટ્રાઇલ) જેવા મશીનોને ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન શાંતિ વહન કરે છે. ચૂંટણી દરમ્યાન અને સલામતી સ્થાપી બિનજરૂરી દખલ-ગીરી અટકાવે છે આથી સુરક્ષાદળોના કર્મચારીઓ, શિક્ષકો અન્ય કર્મચારીઓને યોગ્ય સંસાધનો, ટેક્નોલોજીકલ ઉપકરણો અને સત્તા આપવી જોઈએ જેથી ચૂંટણી દરમ્યાન કોઈ અયોગ્ય ઘટના ન ઘટે.

આજકાલ ચૂંટણી દરમ્યાન અને ખાસ તો પરિણામ વખતે મશીનો ઉપર આક્ષેપો લાગતાં હોય છે. ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન( EVM )માં ગડબડ અને ટેમ્પરીંગથી લોકશાહીને ખતરો. પણ સાચા અર્થમાં સર્વોચ્ચ ન્યાયાલયના દ્વારા VVPAT વાપરવાના ચુકાદા બાદ પારદર્શિતા આવી છે. પરંતુ

Scanned by CamScanner

નવી ટેક્નોલોજી, ચેટલાઇઝ્ડ મશીન અને VVPATની રેન્ડમ પરચીઓની ગણતરી કરી વધુ પારદર્શી સુધારાઓ કરી શકાય છે કારણ કે,

"Ballot is More powerful than bullet"

વર્તમાનમાં ચૂંટણી સુધારામાં સમગ્ર-લક્ષી દ્રષ્ટિકોણ માટે ઉપર્યુક્ત સર્વે હિત-ધારકોનો આચારો સાથ સાધીને ચૂંટણી પ્રક્રિયાને આદર્શ, લોકશાહીમુલક અને પારદર્શી બનાવી લો શકાય. પણ આ સર્વેને નિયંત્રિત રાખવાનું અને સાચો રાહ ચીંધવાનું કાર્ય ભારતની સર્વોચ્ચ ન્યાયાલયે કર્યું છે, તે ના ભૂલવું જોઈએ. લીલી થોમસ વિવાદમાં અપરાધીકરણ રોકવા, નોટાનો પ્રયોગ કરવા, VVPATનો ઉપયોગ કરવા, ધર્મનો આધારે વોટબેંકની રાજનીતિ ના કરવા સૂચનો અને નિર્દેશો કર્યા છે. આથી

ભવિષ્યમાં પણ ન્યાયિક સક્રિયતા થકી ન્યાયપાલિકા ઉચિત નિર્દેશો થકી ચૂંટણી પ્રક્રિયાને મુક્ત અને પારદર્શી બનાવી ભારતની લોકશાહીને સુદ્રઢ કરી શકે છે.

સમગ્રપણે, લોકહિતને કેન્દ્રમાં રાખીને ચૂંટણીપ્રક્રિયાને 'સાધન' તરીકે વાપરી લોકશાહીના મૂલ્યોને 'સાધ્ય' તરીકે મેળવવા, પૂજ્ય બાપુના સિધ્ધાંત સાધન અને સાધ્યની પવિત્રતાને અનુસરવું તે સમયની માંગ છે.

"The wood is dark, deep and lovely...
we have miles to go and
Promises to keep"

– Robert Frost

## વિભાગ-2

## SECTION - 2

| મેળવેલ ગુણ / OBTAINED MARKS | કુલ ગુણ / TOTAL MARKS: 50 |
|---|---|
| | |

પ્ર.4. શું સંસ્કૃતિને, સામાજિક-ધાર્મિક મૂલ્યો અને પ્રથાઓના સ્વરૂપમાં અપનાવી લેવી જોઈએ કે તેને કાયદા અને/અથવા ન્યાયિક નિર્ણયોના સ્વરૂપમાં લાદવામાં આવવી જોઈએ ? ઉદાહરણો સહિત વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

Q.4. Should culture, in terms of socio-religious values and practices, be adopted or imposed by the State in terms of law and/or judicial decisions ? Critically evaluate with examples.

પ્ર.5. શું શહેરી માઓવાદ રાષ્ટ્રીય અખંડીતતા માટે ભયજનક છે ? ચર્ચા કરો.

Q.5. Is Urban Maoism posing a threat to national integrity ? Discuss.

પ્ર.6. આપણી શૈક્ષણિક સંસ્થાઓનું જ્ઞાનના મંદિરો તરીકે પુનર્ગઠન કરવા માટેના ઉદ્યોગસાહસિકતા અને વૈજ્ઞાનિક અભિગમની સાથે ભારતીય મૂલ્ય પ્રણાલીનો સમાવિષ્ટ કરતાં શૈક્ષણિક સુધારાઓ લાંબા સમયથી પડતર છે. ચર્ચા કરો.

Q.6. Educational reforms are long overdue in terms of restructuring our educational institutions as temples of learning encompassing entrepreneurial spirit and scientific temperament along with Indian value system. Discuss.

ઉત્તર:4 - શું સંસ્કૃતિને....

કેરલનું એક કપલ, તેમની 5-વર્ષની દિકરીને લઈ પ્રવાસે જાય છે. સબરીમાલા મંદિરે પહોંચતા દિકરી અને તેની 'માઁ' બહાર ઉભા રહ્યાં. દિકરીના પપ્પા મંદિરમાં દર્શનાર્થે ગયા. બહાર ઉભા દિકરીએ તેની 'મા'ને પ્રશ્ન કર્યો કે, 'મા હું અને તમે કેમ બહાર ઉભા છીએ ? આપણે કેમ પપ્પા સાથે ના ગયા ?, મા ની આંખમાં રુદન આવી ગયુ અને કહ્યું

Scanned by CamScanner

કાંઈ નહી બેટા'. એમ કહી વાત વાળી દીધી.

ઉપર્યુક્ત ઘટનામાં, તાજેતરમાં સર્વોચ્ચ ન્યાયાલયે સબરીમાલા મંદિરમાં મહિલા પ્રવેશને છૂટ આપી છે પરિપેક્ષ્યમાં છે. ત્યારે ઘણા લોકો પોતાની સંસ્કૃતિને ઠેસ પહોંચાડી તેવી દલીલ સાથે વિરોધ દર્શાવી રહ્યાં છે. પ્રશ્ન થાય કે ભારતની ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિમાં ન્યાયિક હસ્તક્ષેપ યોગ્ય કે અયોગ્ય ? શું કાયદા દ્વારા ભારતના વૈવિધ્યનો નાશ થઈ રહ્યો છે ? શું સંસ્કૃતિને, આપણા મૂલ્યો અને પ્રથાઓ સ્વરૂપે અપનાવવામાં કોઈ ખામી છે ?

ભારતની સંસ્કૃતિ '<u>પરિવર્તનશીલ</u>' છે - તે તેનું અદ્વિતીય ~~લક્ષ્મ~~ લક્ષણ છે તેથી જ કહેવાયું છે...

"સદિઓ રહા દુશ્મન દૌર એ જહા હમારા
કુછ બાત હૈ કી હસ્તી મિટતી નહી
હમારી"

સમય અને સંજોગ અનુસાર ભારતીય સંસ્કૃતિ તેને ઢાળી લે છે. લોકશાહીમાં અને આધુનિક સમયની માંગ અનુસાર જો સંસ્કૃતિ તેને સ્વયંને ઢાળવામાં નિષ્ફળ રહે તો કાયદા કે ન્યાયિક હસ્તક્ષેપ દ્વારા તેને બદલી શકાય. પરંતુ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે સંસ્કૃતિને સમય મુજબ અને સંસ્કૃતિના ખરાબ તત્વોને જ બદલા, સંપૂર્ણ સંસ્કૃતિ, પ્રથા કે ધાર્મિક રીતરીવાજમાં બિનજરૂરી હસ્તક્ષેપ આપણી વૈવિધ્ય સંસ્કૃતિ સમક્ષ ઝેર સમાન છે. અહીં વાતને ટેકો આપવા માટે કાયદા કે ન્યાયિક હસ્તક્ષેપથી કરાયેલા બદલાવો અને તેની અસરોનું વિશ્લેષણ કરીએ.

<u>શાહબાનો વિ. ભારતસંઘ કેસમાં</u>

સર્વોચ્ચ ન્યાયાલયે ટ્રિપલ-તલાકને ગેર-બંધારણીય ઠેરવ્યાં અને સંસદનો કાયદો બનાવવા નિર્દેશ કર્યો. આજે રાષ્ટ્રપતિએ તેના પર પાકી મોહર પણ લગાવી દીધી....

1400 વર્ષ જૂની
ત્યારે પ્રશ્ન થાય કે ... એક ઝાટકે જ
પ્રથા, આપણી સંસ્કૃતિને એક ઝાટકે જ
બદલવી, આ તે કેવો અન્યાય ?. નહી!
આ અન્યાય નથી.. આધુનિક સમાજના મૂલ્યો
સમાનતા અને સ્વતંત્રતા તરફ વળ્યાં હોવાથી
આવા બર્બર રિવાજો દૂર કરવા જરૂરી હોય
છે જેથી સંસ્કૃતિમાં અનિષ્ઠ તત્વો ના
હોય અને બાહ્ય સંસ્કૃતિના સારા તત્વો હોય
એજ ભારતીય સંસ્કૃતિનું આદર્શ લક્ષણ...
અહીં ગાંધીજીનું સુવાક્ય ટાંકવું યોગ્ય છે...

"પોતાના ઘરના દરવાજા બંધ રાખવા અને
બારીઓ ખુલી, જેથી બારી થકી બાહ્ય હવા
(સંસ્કૃતિ) સાથે આદાનપ્રદાન રહે.

આમ, મહાત્મા ગાંધીજીએ પણ ભારતની
સંસ્કૃતિના ખરાબ તત્વોને દૂર કરવા માટે
ભલામણ કરી હતી.

નવતેજ સિંઘ જોહર વિ. ભારત સંઘ
કિસ્સામાં માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે

સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યની ભારતીય દંડસંહિતાની ધારા-377 ને ગેરબંધારણીય ઠરાવીને LGBTQ ના હકોને આઝાદી આપી. અહીં પણ જોઈ શકાય કે સમાજમાં વર્ગોનું વિસ્તૃતીકરણ થયું છે. પહેલા પુરુષ અને સ્ત્રી એમ બે જ જાત માનવામાં આવતી. હવે ત્રીજી જાતીને પણ સ્વીકૃતિ આપી. તો તેમાંથી ભારતીય સંસ્કૃતિ કેવી રીતે બાકાત રહી શકે ? તેથી સંસ્કૃતિમાં ન્યાયિક હસ્તક્ષેપ યોગ્ય છે.

યંગ લોયર એસોસિએશન વિ. ભારતસંઘમાં સબરીમાલા મંદિરમાં મહિલાઓને પ્રવેશની છૂટ આપી, પ્રાચીનથી ચાલી આવતી સ્ત્રી-પુરુષના ભેદભાવની નીતિને ચૂર્ણ કરી અહીં પણ કાયદા દ્વારા કે ન્યાયિક નિર્ણયો રૂપે સંસ્કૃતિને ઉજ્જવળ કરવાનો પ્રયાસ જોઈ શકાય છે.

સામાજિક પ્રથાઓને કારણે મહિલાઓનું શોષણ અટકાવવા, મહિલાને સંપત્તિ તરીકે માનવાની પુરુષ મનોવૃત્તિ બદલાવવા વ્યાભિચાર

Scanned by CamScanner

અને દહેજ ની પ્રથાઓ ઉપર ન્યાયાલય દ્વારા નિર્ણયો આધુનિક સમાનતાને સ્થાપિત કરે છે. આ બધું આજ કાલનું નવું આવ્યુ છે... ભૂતકાળમાં પણ કાયદાઓ દ્વારા સંસ્કૃતિના ખરાબ પાસાઓને દૂર કરવા પ્રયત્નો થયા જ હતા ને !

રાજારામમોહન રાયના પ્રયાસથી સતી પ્રથા વિરુદ્ધ કાયદો, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પ્રયાસે વિધવાપુર્નવિવાહ કાયદો, ત્યારબાદ બાળલગ્ન અટકાયત કાયદો એમ દુષણો દૂર કરવા અને બધી જ દિશાઓથી સારું સારું ગ્રહણ કરવુ એજ આપણી સંસ્કૃતિ. તેથી જ કહેવાયું છે ને...

"आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः"

જેમ સિક્કાને બે બાજુ હોય છે તેમ સાંસ્કૃતિક રીતિ રિવાજો અને ધાર્મિક નીતિને ચાલુ રાખવી તે પણ એટલી જ જરૂરી છે. ભારતની સંસ્કૃતિ વિવિધતાથી

Scanned by CamScanner

ભરેલી અને અનન્ય છે. અલબત-
ઉમાશંકર જોષીએ તો ભારતને જ
સંસ્કૃતિનો સાગર કહ્યું છે.

"ભારત નહિ વિંધ્ય, નહિ હિમાલય,
ભારત ઉન્નત નરવર,
ભારત નહિ ગંગા, નહિ યમુના,
ભારત સંસ્કૃતિ મંદિર"

આમ, ભારતની સંસ્કૃતિમાં વિવિધતામાં એકતા, વિશ્વશાંતિ, વસુધૈવ કુટુંબકમ, સહિષ્ણુતા, સર્વ ધર્મ સમભાવ, આધ્યાત્મિકતા રહેલી છે. જેથી આવા મૂળ ઢાંચાને કાયદા દ્વારા કે ન્યાયિક નિર્ણય દ્વારા બદલવું અનુચિત છે.

બંગાળ સરકાર દ્વારા દાર્જિલિંગ વિસ્તારમાં 'ગોરખાઓ' માટે પ્રાથમિક શિક્ષણમાં બંગાળી ભાષાને અનિવાર્ય કરી જે તેમની સંસ્કૃતિ અને નેપાળી ભાષાની વિરૂદ્ધ છે. આવા માન્યતાથી અશાંતી ફેલાય, અલગ રાજ્યની માંગ થાય અને ~~લોકો~~

અર્થઘટન કરાય છે.

તાજેતરમાં મેઘાલયની વડીઅદાલતના ન્યાયાધીશ દ્વારા ભારતને હિંદુરાષ્ટ્ર બનાવવું જોઈએ, બહારના હિંદુઓને નાગરિકતા આપવી જોઈએ એવી ટીપ્પણી કરવામાં આવી. પરંતુ ભારતીય સર્વધર્મસમભાવની સંસ્કૃતિમાં આવી ટીપ્પણી સંસ્કૃતિ માટે હાનિકારક છે, આવી ન્યાયિક અતિક્રમણ થકી સંસ્કૃતિમાં હસ્તક્ષેપ એ અનુચિત છે.

આમ, કાયદા કે ન્યાયપાલિકા ખરાબ-પ્રથા અને રિવાજોને બદલી સંસ્કૃતિને ઉન્નત બનાવી શકે પરંતુ લોકો શું બોલશે ? કેવી બોલીમાં બોલશે ? કેવો પોશાક, આહાર અપનાવશે ? આ બધુ બિનજરૂરી હસ્તક્ષેપ ના કરવો જોઈએ.

સમગ્રપણે સર્વોચ્ચ ન્યાયાલય અને ધારાસભા દ્વારા લેવાયેલા નિર્ણયો

આવશ્યક છે અને ભારતના સમાજને ગતિશીલ, સમતામૂલક, સુદૃઢ અને સમર્થ બનાવવા અનિવાર્ય છે. હજુ પણ ઘણી પ્રથાઓ સમાજ અને ધર્મમાં વિદ્યમાન છે જે આપણી સંસ્કૃતિનુ કલંક છે જેમ કે ગામડાઓમાં દહેજ, બાળવિવાહ, મહિલાઓને યૌન ઉત્પીડન, તલાક-એ-બિદ્દત, ધાર્મિક અંધશ્રદ્ધા વગેરે... આશા રાખીએ કે ન્યાયપાલિકા અને કાયદાથી જલ્દીથી જ આ સમસ્યાનું/રીત રિવાજોનું નિકાલ થાય અને આપણી સંસ્કૃતિ ઉન્નત બને.

અત્રે રોબર્ટ ફ્રોસ્ટનું વાક્ય ટાંકવા યોગ્ય છે

"The wood is deep, dark and
Lovely,
we have miles to go and
Promises to keep"

Question partially addressed.

Scanned by CamScanner

CSM-3

## વિભાગ-3

## SECTION - 3

પ્ર.7. શાસક પક્ષ પાસે શાસન કરવાનો આદેશ છે, જ્યારે વિરોધપક્ષ પાસે વિરોધ કરવાની, ખુલ્લા પાડવાની અને જો સંખ્યા હોય તો દૂર કરવાની ભૂમિકા છે. પરંતુ કોઈપણ સંજોગોમાં સંસદીય કાર્યવાહીમાં વિક્ષેપ હોવો જોઈએ નહીં. પ્રતિભાવ આપો.

Q.7. Ruling party has the mandate to rule while opposition has the role to oppose, expose and if number permits, to depose. But under no circumstances should there be disruption of parliamentary proceedings. Reflect.

પ્ર.8. વિક્રમી અનાજ ઉત્પાદન તેમજ સહાયક ન્યૂનતમ ટેકાના ભાવ (MSP) નીતિ હોવાં છતાં કૃષિલગત બાબતો રાષ્ટ્રની ચિંતાઓ પૈકીની એક રહી છે. તેના કારણોનું મૂલ્યાંકન કરો તેમજ વ્યાપક ઉકેલ સૂચવો.

Q.8. Despite setting records in production of foodgrains and supportive Minimum Support Price (MSP) Policy, agrarian issues remain one of the national concerns. Analyze the reasons and suggest comprehensive solutions.

પ્ર.9. ભ્રષ્ટાચારને નાથવા માટે ઈ-ગવર્નન્સ એક હકારાત્મક પગલું છે. "સુનિયોજીત ભ્રષ્ટાચાર"ને નિયંત્રિત કરવા તેમજ અસરકારક શાસનને પ્રોત્સાહન આપવા સારૂ ટેકનોલોજીનો કેવી રીતે પ્રગતિશીલ ઉપયોગ કરી શકાય તે યોગ્ય ઉદાહરણો સાથે ચર્ચા કરો.

Q.9. E-Governance has been a positive step towards tackling corruption. Discuss with appropriate examples how technology can be used progressively for controlling 'systemic corruption' and promoting effective governance.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 50

પ્ર-8: ઉત્તર: વિક્રમી અનાજ ઉત્પાદન....

"કૃષિ નષ્ટ જાય તો બધુ જ નષ્ટ જાય છે"

-જવાહરલાલ નેહરૂ

ભારત કૃષિપ્રધાન દેશ છે જ્યાં દેશની અડધાથી વધુ વસ્તી કૃષિક્ષેત્રે સંકળાયેલી છે. જેનો કુલ ઘરેલુ ઉત્પાદનમાં માત્ર 15 % જ હિસ્સો રહેલો છે. આજે ભારતમાં ~~કૃષિ~~ ક્ષેત્રે ઘણી પ્રગતિ સાધી છે. દુધના ઉત્પાદનમાં

Scanned by CamScanner

પ્રથમ, ઘંઉ, ડાંગર અને ધાન્યોના ઉત્પાદનમાં બીજા ક્રમે અને મત્સ્યના ઉત્પાદનમાં પાંચમું સ્થાન ભારતને ગૌરવ અપાવે છે. પરંતુ ખેડૂતોની માર્ચ દિલ્લીના દરવાજે પહોંચી, ખેડૂતો રસ્તામાં ટમેટા ફેંકી દે, આત્મહત્યા કરવા લાગે ત્યારે ભારતીય કૃષિક્ષેત્ર પર વિચાર કરવો જેવો ખરો !

હાલેતરમાં સરકારે ટેકાના ભાવમાં દોઢ ગણો વધારો કર્યો છતાંયે આજે કૃષિ રાષ્ટ્રની ચિંતાનો વિષય કેમ છે ? કૃષિ ક્ષેત્રે ખેતી તો કઈ ખામીઓ છે ? શું ક્ષેત્રે ખેતી તો કઈ ખામીઓ છે ? શું આનો વિસ્તૃત ઉકેલ લાવી ધરતીપુત્રોને સમૃદ્ધ કરી શકાય અને કરી શકાય તો કેમ ? આ બધા પ્રશ્નોના ઉતર મેળવવાનો પ્રયાસ કરીએ.

ખેડૂતો વાવણીની શરૂઆતથી માંડીને લણણી સુધીના સમયમાં અને લણણી બાદ બજારમાં વેચવા સુધી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

વાવણીની શરૂઆત કરવા સમયે ખેડૂતો પાસે નાણાનો અભાવ હોય તે પ્રથમ ચિંતાનો વિષય છે. કેમ કે ~~નાણા~~ નાણાના અભાવે ખેડૂત શાહુકારો પાસે જશે અને 'ડેબ્ટ ટ્રેપ' માં ફસાઈ જશે. આ નાણાની જરૂરિયાત ધરતીપુત્રોને બીજ ખરીદવા, ખાતર ખરીદવા, જંતુનાશકો ખરીદવા અને શ્રમને ચૂકવણુ કરવા સમયે એમ દરેક તબક્કે જરૂર પડે છે.

વાવણીની શરૂઆત થઈ ગયા બાદ તેઓ વરસાદ ઉપર આધારિત રહેવું પડે છે. ભારતમાં કુલ કૃષિના 46% ભાગજ સિંચાઈ સુવિધા ઉપલબ્ધ છે તેથી સિંચાઈ ઉપલબ્ધ ના હોવાથી વર્ષા થાય તેમ વાવણી થાય. અને 'ધાર્યું ધણીનું થાશે' એવી આશાઓ મીટમાંડી બેસી રહે છે.

વરસાદનું આગમન થાય અને ધરતી-પુત્રો ખાતર, જંતુનાશકો લેવા દોટ મૂકે! પણ તેમની પાસે જ્ઞાનનો અભાવ છે. 'કેવું ખાતર, જંતુનાશકો પોતાની ધરતી અને પાકને સુચારુ રીતે અસરકારક નિવડશે.- આવી અજ્ઞાનતા

નથી ને આડિઘટ લેમનો ઉપયોગ કરવાથી પાક પાણ બગાડે અને ધરતી પણ !

પાક લાણણી સમયે વધુ શ્રમની જરૂર પડે ત્યારે મજૂરીયા શોધવા ના જ્યા પડે કેમ કે ગામડામાં ભૂમિ વહોણા ગણોતિયા મળી રહે - અહી ગણોતિયાને તેમના લાભ કે કોઈ હકો ના મળે, સંસ્થાગત લાભ કે કોઈ હકો ના મળે, સંસ્થાગત તેઓ વંચિત રહે છે - સામાજિક સુરક્ષાથી તેઓ વંચિત રહે છે.

એક અહેવાલ મુજબ જાણવા મળ્યું કે ખેડૂતો લાણણી બાદ 40 % પાક ગુમાવે છે - અંત પામે છે. એક તો ઘણા બધા કારણોથી પાક ઉત્પાદકતા ઓછી થતી હોય અને એમાયે અંત થાય ! ખેડૂતને ચારેય દિશાથી વાદળ ફરે, હવે થીંગડુ કોણ દે ?

આ વધુ તો ખેડવર્ડ લિન્કેજની વાતો કરી.. પાક હાથમાં આવ્યા બાદ ખેડૂતો વધુ સમસ્યાઓ ભોગવે છે. પાકનો સંગ્રહ કરવા માટે માળખાકીય સુવિધાઓનો અભાવ છે. ત્યાંથી આગળ ચાલીએ તો માર્કેટ (બજાર) સુધી

પહોંચ નથી. બજારમાં જેમતેમ કરી વચેટિયાઓ લાભ પાક ઉપજ પહોંચાડે તો લઈ જાય છે અને ખેડૂતોના હાથમાં માત્ર મજૂરીના નાણા જ બચે છે. આ બધુ કરવામાં વ્યસ્ત ખેડૂત પૈસા શાહુકારોના નાણા ક્યાંથી ચુકવી શકવાનો? આ બધા ફોરવર્ડ લિન્કેજમાં પણ સમસ્યાઓ વિદ્યમાન છે.

આ ઉપરાંત- "મહિલાઓને કૃષિમાં ભાગીદારી છતાં 12% ને જ માલિકી મળી છે," "આબોહવાકીય પરિવર્તનની કૃષિ પર 20-25% અસર થઈ છે" તેવું આર્થિક સર્વેક્ષણ જણાવે છે. શાંતાકુમાર સમિતિને આધારે- 'માત્ર 5% ખેડૂતો જ ટેકાના ભાવનો લાભ મેળવી શકે છે. કૃષિગણના અનુસાર સરેરાશ ખેતની માત્રા 1.08 હેક્ટર બચી છે. 86% નાના અને સિમાંત ખેડૂતો છે જે મશીનીકરણને અપનાવી ના શકે. આમ, કૃષિમાં અનેકોનેક સમસ્યાઓ રહેલી છે. તો શું તેનો

Scanned by CamScanner

ઉકેલ શક્ય છે ? એવું શું કરી શકાય જેથી ખેડૂત આમીરવતો બને ? અહીં વિસ્તૃત ઉકેલ મેળવવા પ્રયત્નો કરીએ.

સૌપ્રથમ તો સમસ્યાનું મૂળ પકડવું પડે. ભારતમાં કૃષિ મહત્ત્વ બેરોજગારીથી પીડાય છે. નાબાર્ડના અહેવાલ અનુસાર ખેડૂતો જીવનનિર્વાહના 43 % જ કૃષિમાંથી મેળવી શકે છે. તેથી કૃષિમાં સુધાર લાવવા સાથે બિનકૃષિને, મિશ્રિત કૃષિને, એગ્રીપ્રિન્યોર (Agropreneurs)ને પ્રોત્સાહન કરવું જોઈએ.

ખેડૂતોને યોગ્ય પ્રમાણમાં નાણા ધિરવા જોઈએ. જેથી તેઓ શાહુકારોની આશાએ ના રહે. અને આ માટે પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણનો પ્રયોગ અનિવાર્યરૂપે કરવો જોઈએ. જેથી નાણાકીય સમાવેશન, મહિલા સશક્તિકરણ સાથે કૃષિ ઉન્નતિ થાય.

આ સિવાય બીજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જોઈએ. બીજમાં સંશોધન અને વિકાસ થકી આબોહવા પ્રતિરોધક બીજો વિકસાવવા. કર્ણાટકની કુંભપુર ગામની ગ્રામસભાએ 'બીજબેંક' બનાવી સ્થાનીય જરૂરિયાતોની પૂર્તિ કરી છે

Scanned by CamScanner

CSM-3

પ્રેરણા રૂપક છે. બીજ સિવાય ભૂમિ અને પાણીનો સંબંધ પ્રકાશવો જોઈએ. કમ્યુનીટી કિસાન વિજ્ઞાન કેન્દ્રો અને સર્વિસ સેન્ટરોની મદદથી વૈજ્ઞાનિક ઢબે કૃષિ કરવા ખેડૂતોને જાગૃત કરવા જોઈએ. પ્રધાનમંત્રી ફસલબીમા યોજના, સોઈલ હેલ્થ કાર્ડ વગેરે અભિગમો પ્રત્યે ખેડૂતોને સજાગ કરવા જોઈએ. આધુનિક ટેકનોલોજીની મદદથી વિશેષ રૂપે યુવાને આકર્ષિત કરીને કૃષિમાં સ્ટાર્ટઅપ, ઉદ્યમિતાને પ્રોત્સાહન કરવું જોઈએ.

પાકની ક્ષતિ અટકાવવા માટે સંપદા યોજનાનો વ્યાપ વધારવો, માળખાકીય સુવિધાઓ વિકસાવવી (GRAMS), કોમોડીટી કાયદાને નાબુદ કરવો અને કોન્ટ્રેક્ટ ફાર્મિંગ, કોર્પોરેટ ફાર્મિંગ જેવી નવી પેઢીની કૃષિ પ્રણાલીઓને અપનાવવી જોઈએ.

પાક લણણી બાદ ખેડૂતોને યોગ્ય ભાવ મળે તે પ્રાથમિકતા સાથે વિવિધ પ્રણાલીઓ અપનાવી શકાય દા.ત. તેલંગાણામાં 'રાયતુ બંધુ'

Scanned by CamScanner

યોજના થકી બધા જ ખેડૂતોને પ્રતિ હેક્ટર નાણાં સહાય આપાય છે. ઓડિશામાં 'કાલિયા', મધ્યપ્રદેશ અને હરિયાણામાં 'ભાવાંતર ભુગતાન' થકી નવતર પ્રયાસો થયા તેને રાષ્ટ્રીય સ્તરે લાગૂ કરવા અને અસરકારક અમલીકરણ કરવું જોઈએ.

ખેડૂતોને લાભ મળે તે માટે વચેટિયા નાબૂદી જરૂરી છે. આ સાથે સરકાર ઈ-નામ (e-NAM)ના માધ્યમથી સુધારો લાવવા પ્રયત્ન કરી રહી છે. પરંતુ ડિજિટલ સાક્ષરતા, ખેડૂતોમાં જાગૃતિ અને જ્ઞાનની પહોંચ સુનિશ્ચિત કરવી જોઈએ. ટેકાના ભાવને સ્વામીનાથન સમિતિ અનુસાર C2+50% ના દરે આપવા અને ખરીદીમાં માત્ર 2 જ પાકને સ્થાને વધુ પાકને સમાવવા જોઈએ.

વૈશ્વિક સંસ્થાઓની મદદથી કૃષિમાં ઉન્નત ટેકનોલોજીથી લાભ મેળવી શકાય. દા.ત. વિશ્વ બેંક દ્વારા વિયતનામમાં 10,000 ટન જેવા આબોહવાકીય પ્રતિરોધક ચોખાના બીજ આપ્યાં. જેથી ચોખા ભાગથી 10% ઉત્પાદન વધ્યું.

કૃષિમાં નવીનીકરણીય પદ્ધતિથી સર્વાંગી વિકાસ કરી શકાય છે. નીતિ આયોગના વર્ષ 2022 સુધી 'નવા ભારત'ની રણનીતિમાં જણાવ્યા અનુસાર '~~ઝીરો~~ બજેટ નેચરલ ફાર્મિંગ', 'એગ્રીપ્રિન્યોર'ને પ્રોત્સાહન આપવું આ ઉપરાંત એગ્રી પર્યટન, અર્બન હાઉસ એગ્રીકલ્ચર, વગેરેને પ્રોત્સાહન આપવું જોઈએ. આ ઉપરાંત તેમા સિંચાઈની સુવિધાઓ વિકસાવવાને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાને ઝડપી અમલ કરવા ભલામણ કરી છે - જેથી કૃષિ સિંચાઈ વ્યાપ વધારી શકાય..

અન્ય સુધારામાં જમીન સુધારણા ઝડપથી લાગુ કરવા, બીજી હરિતક્રાંતિને પૂર્વમાં લાગુ કરવી, સ્વામીનાથનના વિચાર - સદાબહાર ક્રાંતિ (2013)ને પ્રોત્સાહન આપવું, મહિલાને કૃષિ સંપત્તિના હકો આપવા, વચેટિયાની નાબુદી, જમીન પુલીંગ (Land Pulling) અને

જમીન લેન્ડ મોર્ગેજ કાયદા લાગુ કરવા, આ અનેકાનેક સુધારા સમયની માંગ છે જે માત્ર ખેડૂતોને જ ઉન્નત નહી બનાવે પણ સમગ્ર રાષ્ટ્રને વિકાસતર બનાવવામાં મદદ કરશે. સરકારશ્રીના ઘણા બધા કાર્યક્રમો ચાલી રહ્યા છે તાજેતરમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિ, તે ઉપરાંત નાણા ધિરાણ, સંપદા, ફસલ વીમા યોજના, રાષ્ટ્રીય કૃષિ સિંચાઈ યોજના વગેરે... આ બધામાં હજુએ દઢ ઈચ્છાશક્તિ, ખાનગી ભાગીદારી અને યોગ્ય રણનીતિથી સુખી, સમૃદ્ધ, સમર્થ ભારતનું નિર્માણ કરી વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બેગણી કરી શકીશું.

અહીં રોબર્ટ ફ્રોસ્ટનું કથન ઉચિત લાગે છે.

> The wood is dark, deep
> and Lovely,
> we have miles to go and
> Promises to Keep.

Scanned by CamScanner

304001834

304001834

DO NOT WRITE HERE

Social

Past

T.N. Seshan

Ballot

Present

EVM, VVPAT

NOTA.

Right to recall

EC — Social media — Big data

Free & Fair

People

Machines

Agri culture

Backward Forward

Soil

The world is filled with many nice people if you can't find one Be one.

The wood is deep

Free & Fair Election is the Basic Structure of Indian Democracy

Ballot is more powerful than bullet.

- ZBNF
- Agripreneurs
- Agri-[illegible]
- [illegible]